# શિયાળો એટલે જ આમળા



આમળાના ફળોનો મહિમા ભારતમાં પ્રાચીન સમયથી જ જાણીતો છે. સંસ્કૃતમાં 'અમલિકા' કે 'અમૃતા' અને અંગ્રેજીમાં 'ઈન્ડિયન ગૂસબેરી' તરીકે ઓળખાતા આમળાનું વૈજ્ઞાનિક નામ 'ફિલેનથસ એમબ્લિકા' છે. આયુર્વેદમાં આંમળાની ગણના રસાયણ ફળ તરીકે કરવામાં આવી છે. 'રસાયણ' એટલે જે વૃદ્ધત્વ અટકાવે અને શક્તિ આપે તેમજ આમળામાં તમામ રોગો દૂર કરવાની શક્તિ છે તેથી 'યૌવનફળ' તરીકે પણ ઓળખાય છે.

આમળાના ઝાડ ભારતના બધા પ્રાંતોમાં જોવા મળે છે. આમળાનું ઝાડ સૂકા પાનખર જંગલમાં થાય છે અને આપમેળે થાય છે. તેના પાંદડા આમલી જેવા હોય છે. તેના પર દિવાળી એટલે કે કારતક મહિને ફળ લાગી જાય છે અને પોષ-મહા મહિના સુધી બજારમાં વેચાતા મળે છે.

આમળાની સૌથી મોટી ખૂબી એ છે કે એને બાફો, વાટો, છુંદો-એમાં રહેલું વિટામીન 'સી' સચવાઈ રહેતું હોય છે. સામાન્ય રીતે દૂધ-ખટાશ ભેગા ન લેવાય એવું ડૉક્ટર, વૈદ્ય, હકીમો કહે છે, પરંતુ આમળા આ નિયમમાં અપવાદ છે.

ભારતીય વૈજ્ઞાનિકોના મત મુજબ, આમળામાં મુખ્ય ઔષધીય ઘટક તરીકે ફાયલેમ્બ્લીન આવેલું છે. આ ઉપરાંત, ગેલીક એસિડ, ટેનીન, પેપ્ટીન અને એસ્કોરબીક એસિડ મુખ્ય ઘટકો છે. હોમિયોપેથીમાં પણ આમળાનો ઉપયોગ થાય છે.

**આમળાના ફાયદા**

- આમળાના ખાટા રસથી 'વાયુ, મધુર અને ઠંડા ગુણથી 'પિત્ત' તથા 'રક્ષતા' અને તુરા રસથી 'કફ' મટે છે.
- આમળા પચવામાં હલકાં, ભૂખ લગાડનાર, આહાર પચાવનાર, આયુષ્ય વધારનાર અને પૌષ્ટીક છે.
- આમળાનો ઉપયોગ બળતરા, કબજિયાત, ઉલટી, અમ્લપિત્ત વગેરે સામે ઘણો અસરકારક છે.
- ત્વચારોગ, ગોળો, શોષ, અરૂચી, પાંડુરોગ, હરસ, સંગ્રહણી, તાવ, હૃદયરોગ, ઉધરસ, શરદી, પ્રમેહ, સ્વરભંગ, કમળો, કૃમી, સોજા, સ્મૃતિ અને બુદ્ધિનો પ્રમેહ - આ બધામાં આમળા હિતાવહ છે.
- તંદુરસ્તી અને યાદશક્તિ વધારતું ચ્યવનપ્રાસ પણ આમળાની પેસ્ટમાંથી બને છે.
- ફળોમાં આમળા શ્રેષ્ઠ હોવાથી ભોજનની શરૂઆતમાં, મધ્યમાં અને ભોજનનાં અંતે આમળા ખાવા સ્વાસ્થ્યપ્રદ છે.

આમળાની મુખ્ય બનાવટોમાં આમળાની કેન્ડી, મુરબ્બો, આમળા આદુ મુખવાસ, આમળાની ચટણી, આમળારસ, આમળા શરબત, આમળા જીવનરસ, આમળા પાવડર, આમળાનું ખાટુ અથાણુ અને આમળા ચ્યવનપ્રાસનો સમાવેશ થાય છે. આમળાના ફળોની જો કોઈ બનાવટ ન બનાવવામાં આવે તો લાંબો સમય સુધી સંગ્રહી શકાતા નથી અને બગડી જાય છે.આવી પરિસ્થિતિમાં જ્યારે આમળાની સીઝન ચાલુ હોય અને બજારમાં પુષ્કળ પ્રમાણમાં આમળા મળતા હોય ત્યારે તેની વિવિધ બનાવટો બનાવી લાંબા સમય સુધી તેનો સંગ્રહ કરી શકાય છે.

# પ્રોટોમ સ્પીકર તરીકે યોગેશ પટેલની નિયુક્તી અંગે સક્રિય વિચારણા

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત વિધાનસભાના પ્રોટોમ સ્પીકર તરીકે વડોદરાના યોગેશ પટેલની પસંદગી કરવાની ગંભીર વિચારણા રાજ્ય સરકારમાં ચાલી રહી છે. આને લઈ યોગેશ પટેલ અને મુખ્યમંત્રી રૂપાણી વચ્ચે સ્વર્ણિમ સંકુલમાં ટુંકી મુલાકાત થઈ છે.

આજે બુધવારનો દિવસ હોવાથી કેબિનેટ બેઠક પુરી થયા બાદ યોગેશ પટેલ અને મુખ્યમંત્રી રૂપાણી વચ્ચે થયેલી ઔપચારિક મુલાકાતે રાજ્યના રાજકીય વર્તુળોમાં અનેક પ્રકારની અટકળો જગાવી છે.

યોગેશ પટેલ કેબિનેટ બેઠક શરૂ થયાની થોડીક જ મિનિટોમાં સ્વર્ણિમ સંકુલ પહોંચ્યા હતા પરંતુ કેબિનેટ બેઠક પૂર્ણ ના થઈ ત્યાં સુધી તેઓ કેબિનેટ ખંડની આસપાસ સતત ફરતા દેખાયા હતા.

કેબિનેટ બેઠક પુરી થયા બાદ તેઓ મુખ્યમંત્રી માટે સ્વર્ણિમ સંકુલમાં બનાવાયેલ પ્રવેશદ્વાર પાસે પાંચ મિનિટ માટે ટુંકી મુલાકાત થઈ હતી.

આ મુલાકાત બાદ યોગેશ પટેલે કહ્યું હતું કે તેઓ તેમના વિસ્તારના પ્રશ્નોને લઈ મુખ્યમંત્રીને

**સ્વર્ણિમ સંકુલમાં યોગેશ પટેલનું આગમન; કેબિનેટ ખંડની આસપાસ કેબિનેટ ચાલી ત્યાં સુધી ફરતા રહ્યા; મુખ્યમંત્રી સાથે પાંચ મિનિટની ટુંકી મુલાકાતનો લઈ ચાલેલી અટકળો**

મળ્યા હતા. તેમણે પ્રશ્નોની ફાઈલ અને રજુઆતો પણ બતાવવાનો પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન પ્રયાસ કર્યો હતો. પટેલે કહ્યું હતું કે તેઓ વિરોધ કે તરફેણની વાત ડંકાની ચોટ પર કરવા માટે જાણીતા છે એટલે કંઈ છુપાવતા નથી.

જો કે સચિવાલયના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૮ થી ૨૫ જાન્યુઆરી વચ્ચે વિધાનસભાનું પ્રથમ સત્ર મળશે અને રાજ્યપાલને પ્રોટોમ સ્પીકરની દરખાસ્ત સરકાર તરફથી મોકલવાની થતી હોય છે.

આ દરખાસ્ત તૈયાર કરતાં પહેલા મુખ્યમંત્રી અને યોગેશ પટેલ વચ્ચે ઔપચારિક બેઠક થઈ હોવાનું મનાઈ રહ્યું છે. સરકાર દ્વારા એકાદ દિવસમાં જ દરખાસ્ત રાજ્યપાલને મોકલી આપશે. આ પછી રાજ્યપાલ દ્વારા તે અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરાશે અને બન્નેની અનુકૂળતા મુજબ શપથવિધિ સમારોહ પ્રોટોમ સ્પીકરનો યોજવામાં આવશે.

# વિધાનસભા સત્રની હજુ તારીખ નક્કી થઈ નથી

**બજેટ માટે ૧૫મી પછી મંત્રીઓ સચિવો સાથે બેઠકોનો દોર આરંભાશે : નીતિન પટેલ : સરકારે દરેક વિભાગોની સમીક્ષા બેઠક શરૂ કરી છે, મુખ્યમંત્રીના નિવાસસ્થાને કૃષિ વિભાગની બેઠક છે**



ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત સરકાર દ્વારા ૧૫મી જાન્યુઆરી પછી બજેટની તૈયારીઓ હાથ ધરવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આજે પત્રકારોને આપ્યા હતા.

રાજ્યમંત્રીમંડળની બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં પટેલે વિધાનસભાના સત્ર માટે હજુ તારીખ નક્કી થઈ નહિ હોવાનું જણાવ્યુ હતુ. જો કે તેમણે સંકેત આપ્યો હતો કે મકરસંક્રાંતિ પછી ધારાસભ્યોની શપથવિધિ માટે બે દિવસનું ટુંકુ સત્ર બોલાવવામાં આવશે.

તેમણે પત્રકારોના પ્રશ્નોના ઉત્તરમાં જણાવ્યું હતું કે રાજ્યમાં નવી સરકાર રચાયા પછી મુખ્યમંત્રી અને મેં સરકારના તમામ વિભાગોની કાર્યવાહીની સમીક્ષા હાથ ધરી છે. વાહન-વ્યવહાર વિભાગની સમીક્ષા થઈ ગઈ છે. આજે રાત્રે કૃષિ વિભાગને લઈ આ સમીક્ષા બેઠક થશે જેમાં બધી જ બાબતોને આવરી લઈ સર્વગ્રાહી સમીક્ષા થશે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે તેઓ દિલ્હી ગયા હોવાને કારણે આ સમીક્ષા બેઠકમાં થોડીક રૂકાવટ જરૂર થઈ છે. પરંતુ આ રાજ્યમાં સરકાર નવી રચાયા પછીની સ્વાભાવિક કામગીરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પ્રથમ ઘ-૦ અને સરગાસણ ચોકડી પર ફલાયઓવર બનશે

**ચિલોડાથી વૈષ્ણોદેવી સુધીના માર્ગને સિક્સલેન બનાવાનુ આયોજન : એસ જી હાઇવે પર ટ્રાફિકની સમસ્યા દુર થશે : ક્રોસ રોડ બંધ કરવા કુલ ૭ ફલાયઓવર બનાવાશે**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં પ્રથમવાર ફલાયઓવર બનશે. ચ-૦ થી લેકાવાડા માર્ગને સિકસલેન બનાવાનુ કામ હાથ ધરાશે. જે અન્વયે શહેરમાં ઘ-૦ ,સરગાસણ અને ઉવારસદમાં ફલાયઓવર બનાવવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. ચિલોડાથી લેકાવાડા અને ચ-૦ થી વૈષ્ણોદેવી સુધીના માર્ગને સિકસલેન કરવા માટેની કાર્યયોજના કેન્દ્ર સરકાર દ્વારા મંજુર કરી દેવામાં આવી છે. જેને અનુલક્ષી આ રૂટમાં કુલ ૭ ફલાયઓવરનુ નિર્માણ કરાશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૬૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ૧૯ કી મી ના ફોરલેન માર્ગનો

**કોરીડોર અને ફલાયઓવરના નિર્માણ પાછળ ૬૦૦ કરોડનો ખર્ચ કરાશે : સર્વિસરોડ પણ બનાવાશે**

સિકસલેન કરી સર્વિસ રોડ પણ બનાવાશે. આગામી એપ્રિલ મહીના સુધીમાં કામ શરૂ કરી દેવાશે.

ગાંધીનગર અમદાવાદને જોડતા એસ જી હાઈવેની કાયાપલટ કરી દેવાશે. છેલ્લા કેટલાક સમયથી આ માર્ગ વાહનચાલકો માટે શિરદર્દ સમાન બની ગયો છે. માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો જાવા મળી રહયા છે. રૂટમાં આવતા ક્રોસ રોડના લીધે શહેરી વિસ્તાર સાથે જોડાણ હોવાના લીધે ટ્રાફિકની સમસ્યા વિકરાળ બની છે. ત્યારે આ માર્ગને ટ્રાફિકની દ્રષ્ટીએ હળવો કરવા અને વાહનોની અવરજવર સરળ બને તે માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ ૬૦૦ કરોડના તોતિંગ ખર્ચને મંજુરી આપવામાં આવી છે. જેને અનુલક્ષી ૧૯ કી મી ફોરલેન આ માર્ગને સિકસલેન બનાવાનુ આયોજન પણ કરી દેવાયુ છે. ચિલોડાથી લેકાવાડા અને ચ-૦ થી વૈષ્ણોદેવી સુધીના માર્ગને સિકસલેન

● અનુસંધાન પાન-૭ પર

# જમીન ભોગવટો કાયદેસર કરવાની સમયમર્યાદા ૩૧ માર્ચ સુધી લંબાવાઈ

ગાંધીનગર,તા.૧૦

રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા શહેરી જમીન ટોચમર્યાદા કાયદા અંતર્ગત વધારાની ફાજલ જાહેર કરેલી અને સરકાર સંપ્રાપ્ત થયેલ જમીનો પૈકીની ચોક્કસ જમીનોનો ભોગવટો કાયદેસર કરવા અંગેની અરજી સ્વીકારવાની સમયમર્યાદા આગામી તા.૩૧-૦૩-૨૦૧૮ સુધી લંબાવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં જિલ્લાઓનું મહેકમ ચૂંટણી સંબંધિત કામગીરીમાં વ્યસ્ત હોવાથી મહત્તમ ભોગવટેદારો આ અધિનિયમનો લાભ ઉઠાવી શકે તે હેતુસર તા.૩૧-૦૩-૨૦૧૮ સુધી અરજીઓ સ્વીકારવાનો નિર્ણય કરાયો છે, તેમ મહેસૂલ વિભાગની યાદીમાં જણાવાયું છે.

## જોખમી રેલવે લાઈન પર પતંગ ન ચગાવવા માટે પતંગ રસિયાઓને સુચના

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર કલોલ રેલવે લાઈન ઉપર ઓવરહેડ વોલ્ટેજ વિદ્યુત તારના માધ્યમથી ૨૫ હજાર વોલ્ટેજ વિદ્યુત તારના માધ્યમથી જોખમી લાઈન પસાર થઈ રહી છે. જયારે ઉતરાયણના પર્વ દરમિયાન તારમાં ફસાયેલા પતંગો નિકાળવાના પ્રયાસો ન કરવા માટે પણ રેલવે ડિવિઝને જણાંવ્યુ છે. આ ઉપરાંત આ વિસ્તારમાં જોખમ ટાળવા માટે પણ પતંગ ન ચગાવવા માટે પણ ડિવિઝન કચેરીએ સાર્વજનિક સલાહ આપવામાં આવી છે.

આકાશને રંગીન બનાવતા પર્વને અનુલક્ષી પક્ષીઓને ઈજા ન થાય તે માટે સતત લોકજાગૃતિ કેળવવાના પ્રયાસો કરવામાં આવી રહયા છે. ગાંધીનગર કલોલ મહેસાણા વિભાગ પર ઓવરહેડ વોલ્ટેજ વિદ્યુત તારના માધ્યમથી એસી પર ૨૫ હજાર વોલ્ટેજ રેલવે ટ્રેકને વિદ્યુતિકૃત કરવામાં આવ્યુ છે.

# ગુજરાતમાં રોડ એન્જીનીયરીંગ બદલાવની દિશામાં : નીતિન પટેલ

**સોલાભાગવતથી ઝાયડલ સર્કલ પર એલીવેટેડ કોરીડોર ૪.૫ કિ.મી.નો સીક્સલેન બનશે : નીતિન પટેલ**

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતના રોડ એન્જીનીયરીંગમાં ભારે બદલાવ સાથે સુરક્ષિત; ઓછુ ઈંધણ વપરાશ અને સમયની મોટી બચત સાથે માર્ગ-મકાન વિભાગ આગળ વધી રહ્યુ હોવાનું રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને માર્ગ-મકાન વિભાગનો હવાલો સરકાર તરફથી રાજ્યનો સીઆરએફમાંથી મળતા નાણાં ખર્ચવામાં આવશે.

નીતિન પટેલે જણાવ્યુ હતુ કે ચિલોડા-સરખેજ-સાણંદ માર્ગને સીક્સલેન રોડ બનાવવાની દરખાસ્ત પર તેમની અને નીતિન ગડકરી વચ્ચે ત્રણથી વધુ બેઠકો થઈ હતી. આ પછી

**ચિલોડા-ગાંધીનગર-સરખેજ હાઈવેનો ૮૪૬ કરોડના ખર્ચે છ-માર્ગીય બનાવાશે : સંપૂર્ણ ટોલ ફ્રી રોડ બનશે અને સાત ફલાયઓવર બ્રીજનું નિર્માણ થશે : નર્મદા નદી પર ગરૂડેશ્વર ખાતે ૫૨ કરોડના ખર્ચે નવા બ્રીજનું નિર્માણ કરાશે**

ધરાવતા નીતિન પટેલે જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે પ્રથમવાર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર એલીવેટેડ કોરિડોર તેમજ ટોલફ્રી માર્ગ બનશે જે ચિલોડા-સરખેજ-સાણંદ માર્ગ છે. આ માટે કેન્દ્ર સરકારે રૂ. ૮૪૬ કરોડની યોજનાને મંજૂરી આપી છે જેમાં ૪૨૩ કરોડ રૂ. ભારત સરકારના અને ૪૨૩ કરોડ ભારત ચૂંટણીની આચારસંહિતા આવતાં જાહેરાત અટકી હતી.

તેમણે કહ્યુ કે રોડ એન્જીનીયરીંગમાં બદલાવ એટલા માટે આવશે કે સંપૂર્ણ કામગીરીનું સંપૂર્ણ મોનીટરીંગ માર્ગ-મકાન વિભાગ દ્વારા થશે.

તેમણે જણાવ્યુ હતુ કે સોલા ભાગવતથી ઝાયડસ સર્કલ સુધી એલીવેટેડ કોરીડોર સાડાચાર કિ.મી.નો બનશે. આવા જ બીજા એલીવેટેડ કોરીડોર અન્ય શહેરોમાં પણ બનશે.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, વિકાસને વરેલી ગુજરાતની નવી સરકારને કેન્દ્ર સરકારે નવા વર્ષની ભેટરૂપે માર્ગ સુવિધાના વિવિધ

● અનુસંધાન પાન-૭ પર

## ચિલોડા-સરખેજ-સાણંદ વચ્ચે ૧૩ કિ.મી.ના તો ફલાય ઓવરબ્રીજ બનશે

ગાંધીનગર, તા. ૧૦

ચિલોડા-સરખેજ-સાણંદ માર્ગ સીક્સલેન બનાવવાની મહત્વાકાંક્ષી યોજનામાં ૧૩ કિ.મી.ના તો ફલાયઓવર બ્રીજ બનશે.

આ માર્ગ પર એલીવેટેડ કોરીડોર સાડાચાર કિ.મી.નો બનશે. ૭x૦.૮ મીટરના ફલાય ઓવર બ્રીજ બનશે. ૬ ફલાય ઓવર અને એક એલીવેટેડ કોરીડોર એ રોડ એન્જીનીયરીંગમાં આવી રહેલા બદલાવનો ઈશારો કરે છે. ૪૪ ૪૨૦ કિ.મી.ના આ માર્ગ પર આટલી મોટી સંખ્યામાં ફલાય ઓવર બ્રીજ બનતાં સમયની બચત થશે તેમજ ઉત્તર ગુજરાતના વિકાસની સાથે સાથે સૌરાષ્ટ્ર-ગાંધીનગર વચ્ચે ઝડપી વાહનવ્યવહારની પણ સુવિધા ઉપલબ્ધ થશે.

કેન્દ્ર સરકારે રાજ્યમાં કુલ ૧૬૭૭.૭૧ કરોડની ફાળવણી રોડ ટ્રાન્સપોર્ટેશનમાં આવી રહેલા બદલાવને ધ્યાને રાખી કરી હોવાનું પણ સરકારે સ્વીકાર્યું છે.




નવા ડસ્ટબીન - શહેરમાં આજકાલ જાહેર સ્થળો અને જાહેર માર્ગો પર નવા ડસ્ટબીન મુકાઈ રહ્યા છે... ભીનો કચરો અને સૂકો કચરો અલગ અલગ એકઠો કરી શકાય તે માટે અલગ અલગ રંગના ડસ્ટબીન મનપા દ્વારા શહેરમાં કાયમી ધોરણે મુકવામાં આવ્યા છે... મનપાએ પોતાનો રાજધર્મ બજાવી સ્વચ્છ શહેર માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે... પરંતુ નાગરિકોએ પણ નાગરિક ધર્મ બજાવી જાહેર સ્થળો પર ગંદકી ન કરતા ડસ્ટબીનમાં કચરો નાખવાની ફરજ જો અદા કરીએ તો સહિયાર પુરુષાર્થથી સ્વચ્છ ગાંધીનગરનું નિર્માણ શક્ય બનશે...

## ગુડાને હોર્ડિંગ્સ અને બેનર્સની ૩.૫૩ કરોડની આવક થઈ

ગાંધીનગર તા ૧૦

ગુડા વિસ્તારમાં હોર્ડીંગ્સ અને સ્ટ્રીટ લાઇટના થાંભલા પર કોર્મશિયલ જાહેરાત કરવાના ઉપયોગ બદલ ગુડાને રૂ ૩.૫૩ કરોડની તગડી આવક થઈ છે. સરકારી જાહેરાતના ઉપયોગ માટે ગુડાએ આ પ્રકારના હોર્ડીંગ્સ અને બેનર્સ ફ્રી લગાવી આપવા માટે પણ તૈયારી દર્શાવી છે. અગાઉ ગુડા આ અન્વયે માત્ર ૭૨ લાખની આવક કરી હતી. જયારે આ વર્ષે ટેન્ડરના અંતે એજન્સીને કામ સોંપાયુ છે. જેમાં ગુડાને ૩.૫૩ કરોડની આવક થઈ છે.

ગાંધીનગર શહેરમાં પાટનગર હોવાછતા જાહેરમાર્ગો પર ગમે ત્યાં કોર્મશિયલ જાહેરાતના હાર્ડીંગ્સ અને બેનર્સ ચિપકેલા જોવા મળે છે. નગરના જાહેરમાર્ગો જાહેરખબરનુ માધ્યમ બની ગયા છે. જયારે બંધ સ્ટ્રીટ લાઈટના થાંભલા અજવાળુ આપતા નથી પરંતુ કોર્મશિયલ જાહેરાત માટે પેમ્ફલેટ ચિપકાવાનુ માધ્યમ બની ગયા છે. શહેરમાં આડધડ હોર્ડિંગ્સ અને બેનર્સ લગાવી જાહેરાત કરવાનો નુસખો અજમાવતા વેપારીઓ સામે

● અનુસંધાન પાન-૭ પર


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com